Visit: www.BookGanga.com

View Book Details


અંગ્રેજી શીખવા માટે એક અનોખું પુસ્તક

નવનીત

# સ્પીકવેલ ઇંગ્લિશ

- સારું અંગ્રેજી બોલતાં શીખો.
- સારું અંગ્રેજી લખતાં શીખો.

FREE Audio CD



NAVNEET®

Knowledge is wealth

Visit: www.BookGanga.com View Book Details

All rights reserved. No part of this book may be copied, adapted, abridged or translated, stored in any retrieval system, computer system, photographic or other system or transmitted in any form or by any means without the prior written permission of the copyright holders, M/s. Navneet Publications (India) Ltd. *Any breach will entail legal action and prosecution without further notice.*

# પ્રસ્તાવના

શૈક્ષણિક પ્રકાશન ક્ષેત્રે મોખરે રહેલી અમારી સંસ્થાએ અંગ્રેજી શીખવા માગતા સૌ કોઈ માટે આ **'નવનીત સ્પીકવેલ ઇંગ્લિશ'** પુસ્તકનું ખાસ પ્રકાશન કર્યું છે.

આજના આપણા જીવનમાં અંગ્રેજીના નિર્વિવાદ સ્થાનને ધ્યાનમાં લઈ આપણને સૌને સફાઈદાર અંગ્રેજી બોલતાં, વાંચતાં, લખતાં આવડે અને બીજાનું બોલેલું અંગ્રેજી આપણને સમજાય એવી આપણી પ્રબળ ઇચ્છા હોય છે. તેથી જ ઘેર બેઠાં અંગ્રેજી શીખવા માટેનાં અનેક પુસ્તકો બજારમાં આજે ઉપલબ્ધ છે. તેમાં **'નવનીત સ્પીકવેલ ઇંગ્લિશ'**નો ઉમેરો શા માટે એવો પ્રશ્ન કોઈના પણ મનમાં સહજપણે થશે.

**'નવનીત સ્પીકવેલ ઇંગ્લિશ' પુસ્તકની રચનાનો ઉદ્દેશ :** અંગ્રેજી શીખવા માટે વાચન, લેખન અને સંવાદ, આ ત્રણે બાબતોનો સમન્વય થવો જોઈએ. પરંતુ આ બધી જ બાબતોનો ક્રમવાર અને તર્કશુદ્ધ અભ્યાસ કેવી રીતે કરવો તેનું યોગ્ય માર્ગદર્શન કરતું એક પણ પુસ્તક આજે બજારમાં ઉપલબ્ધ નથી. આ પરિસ્થિતિમાં માણસની સામાન્ય જરૂરિયાત ધ્યાનમાં રાખી આ પુસ્તકની રચના કરવામાં આવી છે.

**અંગ્રેજીમાં વિચારો :** 'ગુજરાતીમાં વિચારી તેનું અંગ્રેજી કરો' – આ ક્રમ સાવ ઊલટો છે. અનેક પુસ્તકોમાં આ ઊલટો ક્રમ સ્વીકારવામાં આવ્યો છે. આથી અંગ્રેજીનો અભ્યાસ કરનારને શુદ્ધ અંગ્રેજી શીખવું અઘરું થઈ પડે છે. પ્રસ્તુત પુસ્તકમાં મૂળ અંગ્રેજી વાક્યરચનાઓ કઈ રીતે થાય છે તેનું ક્રમવાર માર્ગદર્શન કરાવવામાં આવ્યું છે. રોજિંદા વ્યવહારમાં આવશ્યક એવાં હજારો અંગ્રેજી વાક્યો ગુજરાતી ભાષાંતર સાથે આપ્યાં છે. જ્યાં જરૂર જણાઈ ત્યાં ઉચ્ચારો પણ આપ્યા છે. આ બધાં અંગ્રેજી વાક્યો માત્ર વાંચવા માટે નહિ પણ મોટેથી વાંચવા માટે અને બોલવા માટે છે. આ દૃષ્ટિએ આ અંગ્રેજી વાક્યોનો ચીવટપૂર્વક અભ્યાસ કરવાથી અંગ્રેજી વાર્તાલાપ-કૌશલ્ય હસ્તગત કરવાની દિશામાં અભ્યાસકનો પ્રયત્ન સફળ થયા વિના રહેશે નહિ.

**શુદ્ધ અંગ્રેજી :** અંગ્રેજી શુદ્ધ જ બોલાય અને તે અંગેની સાવધાની રખાય તે માટે આ પુસ્તકના 6 થી 59 સુધીના દરેક પ્રકરણની શરૂઆતમાં ટૂંકમાં માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી છે. શુદ્ધ અંગ્રેજી બોલવા ઇચ્છતા અભ્યાસકને એ માર્ગદર્શન ખૂબ ઉપયોગી નીવડશે તેમાં શંકા નથી.

**આ પુસ્તક કોના માટે? :** જેમને થોડુંઘણું અંગ્રેજી આવડે છે કે બિલકુલ આવડતું નથી એવા બધા માટે તો આ પુસ્તક ઉપયોગી છે જ. ઉપરાંત જેમને રોજિંદા વ્યવહારમાં પ્રસંગોપાત અંગ્રેજીમાં વાર્તાલાપ કરવો પડે છે તેઓ સૌ પણ સાચું અને સારું અંગ્રેજી બોલી શકે એ હેતુ નવનીત સ્પીકવેલ ઇંગ્લિશનો છે.

**પુસ્તકની રચના :** પુસ્તકની શરૂઆતમાં આપણા રોજિંદા જીવનમાં વણાઈ ગયેલાં અંગ્રેજીનાં સેંકડો સહેલાં વાક્યો અને શબ્દભંડોળ આપેલ છે. આ વિગતો જોવાથી આપણને અંગ્રેજી પરિચિત લાગવા માંડશે. એ પછી પાનાં 13 થી 24 માં અંગ્રેજી વર્ણમાળા, સ્વર અને વ્યંજનો અને તેમના ઉચ્ચારો વગેરે પ્રાથમિક મુદ્દાઓ અંગ્રેજી શીખવાની શરૂઆત કરનારાઓ માટે આપવામાં આવ્યા છે. પાનાં 25 અને 26 માં અંગ્રેજી શીખવાની યોગ્ય રીતની ચર્ચા કરવામાં આવી છે. પાનાં 27 થી 279 (પ્રકરણ 6 થી 59) માં અંગ્રેજીની પ્રાથમિક વાક્યરચનાઓનો ટૂંકમાં અભ્યાસ કરાવી પુષ્કળ વહેવારુ વાક્યો તથા સંવાદો દૃઢીકરણ માટે આપવામાં આવ્યાં છે.

**'મેળવેલું જ્ઞાન ચકાસો' (લેખન-મહાવરો) :** પાનાં 27 થી 279 માં સંપાદન કરેલું જ્ઞાન ખરા અર્થમાં પાકું થયું છે કે નહિ તે જાણવા માટે અહીંના દરેક પ્રકરણના અંતે **'મેળવેલું જ્ઞાન ચકાસો'** એ શીર્ષક નીચે કેટલીક ચોક્કસ પ્રકારની કસોટીઓ આપવામાં આવી છે. આ કસોટીઓના ઉત્તરો લખવાની જગ્યા પણ આપવામાં આવી છે.

**સિંહાવલોકન :** પ્રકરણ 22, 37, 52 અને 59 ના અંતે વિવિધ પ્રકારની કસોટીઓના સમાવેશવાળાં 4 સિંહાવલોકનો અપાયાં છે. અહીં પણ ઉત્તરો લખવા માટે જગ્યા આપવામાં આવી છે.

Visit: www.BookGanga.com View Book Details

**લેખન-મહાવરાનું મહત્ત્વ :** લેખન-મહાવરાને કારણે અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ અવશ્ય વધવા પામશે.

**Answers (ઉત્તરો) :** આ પુસ્તકના અંતે **'મેળવેલું જ્ઞાન ચકાસો'** તેમજ **'સિંહાવલોકન'** – આ બંને પ્રકારની કસોટીઓના ઉત્તરો આપવામાં આવ્યા છે.

**અંગ્રેજી શીખવાનો યોગ્ય માર્ગ :** ગણતરીના મહિનાઓમાં, દિવસોમાં કે કલાકોમાં અંગ્રેજી શીખી જવાની કોઈ ભ્રામક ખાતરી **'સ્પીકવેલ ઇંગ્લિશ'** પુસ્તક આપતું નથી, આપશે પણ નહિ. અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવું તે કંઈ રમતવાત નથી, પરંતુ પદ્ધતિપૂર્વક પ્રયત્ન અને પરિશ્રમથી પ્રાપ્ત થતી સિદ્ધિ છે.

**સરળમાંથી કઠિન તરફ :** આ પુસ્તકનાં પાનાં 279 સુધીમાં અંગ્રેજી ભાષાની મહત્ત્વની લગભગ બધી જ વાક્યરચનાઓ યોગ્ય માર્ગદર્શન સાથે ટૂંકમાં સમજાવી છે. તેનો ક્રમ **'સરળમાંથી કઠિન તરફ'** હેતુપૂર્વક રાખ્યો છે. આ રીતે આ પૃષ્ઠોમાં અપાયેલો અભ્યાસ પૂરો થતાં થતાં જ અભ્યાસક અંગ્રેજીમાં સ્વતંત્રપણે સેંકડો અને હજારો સાર્થ વાક્યો બોલવા અને લખવા સમર્થ થશે.

**વાર્તાલાપ-કૌશલ્ય :** અંગ્રેજીની પ્રાથમિક વાક્યરચનાઓનો અભ્યાસ પૂરો થયા પછી આ પુસ્તકનાં પાનાં 280 થી 360 માં રોજબરોજના વાર્તાલાપમાં ઉપયોગી તથા સરળતાથી અને સહેલાઈથી યાદ રહી જાય તેવાં વિવિધ પ્રસંગો પર આધારિત સેંકડો વાક્યો અને નાનામોટા વાર્તાલાપ તથા સંવાદો આપ્યાં છે. રોજિંદા જીવનમાં વિવિધ પ્રસંગોએ વાતચીત કરવી પડતી હોય છે, તે માટે આ નાનામોટા સંવાદોનો સતત અભ્યાસ ખૂબ જ ઉપયોગી થઈ પડશે.

**જનરલ નૉલેજ (સામાન્ય જ્ઞાન) :** આ પુસ્તકના છેલ્લા અને છઠ્ઠા ભાગમાં વિરુદ્ધાર્થી શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો, શરીરના અવયવો, રોગો, પશુ-પંખીઓ વગેરેનાં નામો, પત્રલેખન, સંક્ષિપ્ત રૂપો વગેરે વિવિધ માહિતી અંગ્રેજીમાં આપી છે. અભ્યાસકને અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવામાં મદદરૂપ થાય તેવી પદ્ધતિથી આ માહિતી આપવામાં આવી છે.

આ બધી વિશિષ્ટતાઓને લીધે અંગ્રેજી શીખવા ઇચ્છતા સૌ કોઈ **'સ્પીકવેલ ઇંગ્લિશ'** પુસ્તકને આવકારશે એવો અમને વિશ્વાસ છે. પુસ્તકની ઉપયોગિતા વધારવા માટેનાં સૂચનો આવકાર્ય છે.

**– પ્રકાશક**


# ઋણનિર્દેશ

શ્રી બી. ટી. દિક્ષિત (અમદાવાદ); શ્રીમતી એસ. એસ. ગોખલે (પાર્લા); શ્રી દ. મ. મહેંદળે (ઠાણે); શ્રી સુ. ર. પ્રભુદેસાઈ, શ્રી બી. એ. ઓલકર, શ્રી સી. કે. સંપત અને શ્રી મુ. દ. ભીડે વગેરે શિક્ષણપ્રેમી અને અનુભવી મહાનુભાવોએ **સ્પીકવેલ ઇંગ્લિશ** પુસ્તકના સર્જનમાં ઉપયોગી માર્ગદર્શન અને સહકાર આપ્યાં છે. અમે તે માટે તેમના ઋણી છીએ.

**– લેખકો**

Visit: www.BookGanga.com View Book Details

# CONTENTS (અનુક્રમણિકા)

## PART I (વિભાગ પહેલો)


1. અંગ્રેજી શીખવાની શરૂઆત કરતાં પહેલાં ... 7
2. અંગ્રેજી મૂળાક્ષરો ... 13
3. અંગ્રેજી સ્વર અને વ્યંજનના ઉચ્ચાર ... 17
4. વિશેષનામોનું અંગ્રેજીમાં લેખન ... 21
5. અંગ્રેજી શીખવાનો યોગ્ય માર્ગ ... 25
6. I am - We are ... 27
7. You are ... 30
8. He, She, It - They ... 33
9. This - That ... 36
10. These - Those ... 39
11. My - Your - His - Her - Its ... 44
12. Our - Your - Their ... 47
13. Negative Sentences (નકારવાચક વાક્યો) ... 51
14. What is this? ... 54
15. Yes - No (હા - ના) ... 57
16. Mine, Yours, Theirs (મારું, તારું, તેમનું) ... 62
17. Commands - I (આજ્ઞાર્થ વાક્યો - I) ... 66
18. Commands - II (આજ્ઞાર્થ વાક્યો - II) ... 70
19. Have - Has ... 73
20. Have you? - Has he? ... 77
21. There is - There are ... 82
22. How many? How much? ... 86
☆ પહેલું સિંહાવલોકન ... 90


## PART II (વિભાગ બીજો)


23. I am playing ... 93
24. Are you reading? ... 96
25. I shall be - He will be (હું હોઈશ - તે હશે) ... 100
26. I will read - He will read ... 104
27. Will he write? - When will he write? ... 109
28. I drink - He drinks ... 114
29. Do you play? - Does he play? ... 120
30. I was - They were (be ક્રિયાપદનો સાદો ભૂતકાળ) ... 127
31. Was reading - Were reading ... 132
32. I had - He had ... 136
33. He wrote - He did not write ... 140
34. Did they play? Did he play? (પ્રશ્નાર્થ વાક્યો) ... 146
35. I have written - He has written ... 153
36. I have been writing - He has been writing ... 158
37. I had written - He had written ... 162
☆ બીજું સિંહાવલોકન ... 167


## PART III (વિભાગ ત્રીજો)


38. Going to... (એક વિશેષ રચના) ... 172
39. I can sing - She cannot sing (હું ગાઈ શકું - તે ગાઈ શકતી નથી) ... 175
40. May - Might (સંભવ - પરવાનગી) ... 180
41. Must - Needn't (ફરજ - જરૂર ન હોવી) ... 184
42. Have to - Has to - Had to (ફરજિયાતપણાની અથવા આવશ્યકતા દર્શાવતી રચના) ... 188
43. Use - Used to - Be used to ... 192
44. Should - Ought to (કર્તવ્ય દર્શાવતા શબ્દો) ... 196
45. Would - Could ... 200
46. Two types of questions (પ્રશ્નોના બે પ્રકાર) ... 204
47. Question tags ... 208
48. Let's play ... 211
49. Where? - In, On, At ...... (Prepositions I) ... 215
50. In - Into; On - Upon ...... (Prepositions II) ... 221
51. Fond of - Famous for ...... (Prepositions III) ... 224
52. In spite of; According to ...... (Prepositions IV) ... 233
☆ ત્રીજું સિંહાવલોકન ... 236

Visit: www.BookGanga.com View Book Details

## PART IV (વિભાગ ચોથો)


53. Strong – Not weak (સશક્ત-અશક્ત નહીં) ... 242
54. Too — so......that......not ... 245
55. How sweet! – Very sweet (કેવું મધુર! – બહુ મધુર) ... 243
56. Interrogative and Assertive Sentences (પ્રશ્નાર્થ અને વિધાન વાક્યો)... 253
57. Strong – Stronger – Strongest (બળવાન – વધુ બળવાન – સૌથી વધુ બળવાન) ... 256
58. Is writing – Is being written (લખી રહ્યો છે – લખાઈ રહ્યું છે.) ... 263
59. Should do – Should be done (કરવું જોઈએ – થવું જોઈએ) ... 270
☆ ચોથું સિંહાવલોકન ... 275


## PART V : Conversation skills (વાર્તાલાપ-કૌશલ્ય)


60. Conversation skill – I (વાર્તાલાપ-કૌશલ્ય – I)
(1) માહિતી મેળવવા કે તપાસ કરવા માટેના પ્રશ્નો આ રીતે પૂછો ... 280
(2) આજ્ઞા, સલાહ કે સંકેત કરતી વખતે આમ બોલો ... 282
(3) સમય સંબંધી આ રીતે બોલો ... 285
(4) વિનંતી કરતી વખતે કે રજા માગતી, આપતી વખતે આ રીતે બોલો ... 287
(5) પોતાને વિષે આ રીતે બોલો ... 288
(6) કોઈકની પ્રશંસા કે વખાણ કરતી વખતે આમ બોલો ... 289
(7) વિરોધ – નિષેધ કરવા કે દોષ આપતી વખતે આમ બોલો ... 292
(8) શબ્દ એક, અર્થ અનેક ... 294
61. Conversation skill – II (વાર્તાલાપ-કૌશલ્ય – II) : Manners (શિષ્ટાચાર) ... 298
62. Conversation skill – III (વાર્તાલાપ-કૌશલ્ય – III) : નાના નાના સંવાદો ... 300
63. Conversation skill – IV (વાર્તાલાપ-કૌશલ્ય – IV) : (વાર્તાલાપ-કૌશલ્ય – મોટા સંવાદો)
(1) શિક્ષક-વિદ્યાર્થી સંવાદ ... 320
(2) શિક્ષક-વિદ્યાર્થી સંવાદ ... 320
(3) તમારાં કાકા-કાકી સાથે શિક્ષિકાનો પરિચય ... 321
(4) પરીક્ષામાં નિષ્ફળતા અંગે ભાઈ-બહેનનો સંવાદ ... 321
(5) શાળાપ્રવાસમાં જવા માટે પિતાની પરવાનગી ... 323
(6) પરીક્ષા પૂરી થઈ. મઝા કરવા માટે બે બહેનપણીઓ વચ્ચે સંવાદ ... 325
(7) એક અપરાધી વિદ્યાર્થી બાબત વિદ્યાર્થી-પ્રતિનિધિ અને શિક્ષક વચ્ચે સંવાદ ... 326
(8) માતા-પુત્રી વચ્ચે સંવાદ ... 326
(9) બે મિત્રો વચ્ચે સંવાદ ... 328
(10) પોતાના શોખ અંગે બે છોકરીઓ વચ્ચે સંવાદ ... 329
(11) પ્રદર્શનમાં જવા માટે ફોન પર બે મિત્રોનો સંવાદ ... 330
(12) બે મિત્રો વચ્ચે સવારના સમયે સંવાદ ... 330
(13) બે જૂના મિત્રો વચ્ચે સંવાદ ... 331
(14) યજમાનપુત્ર અને મહેમાન વચ્ચે સંવાદ ... 332
(15) ઑફિસે જતી વેળાએ પતિ-પત્ની વચ્ચે સંવાદ ... 333
(16) હૉટેલમાં રૂમ બુક કરવા ફોન પર સંવાદ ... 334
(17) હૉટેલના સ્વાગતકક્ષમાં થયેલો સંવાદ ... 335
(18) ભેટવસ્તુની ખરીદી – દુકાનદાર અને મહિલા વચ્ચે સંવાદ ... 336
(19) વીજળીનાં સાધનોની દુકાનમાં વૉશિંગ મશીન ખરીદતી વેળાનો સંવાદ ... 337

Visit: www.BookGanga.com View Book Details

(20) અજાણી વ્યક્તિને રસ્તા બાબત માર્ગદર્શન અંગે સંવાદ ... 339
(21) દુકાનદાર અને અજાણી વ્યક્તિ વચ્ચે હૉસ્પિટલ અંગે સંવાદ ... 339
(22) હૉસ્પિટલમાં દર્દી મિત્ર સાથે સંવાદ ... 340
(23) ડૉક્ટર અને દર્દી વચ્ચે સંવાદ ... 341
(24) શ્રમનું કામ મેળવવા માટે થયેલો સંવાદ ... 343
(25) ક્લાર્કની જગા માટે મુલાકાત ... 344
(26) બે બહેનપણીઓ વચ્ચે સરકસ સંબંધી સંવાદ ... 346
(27) રેલવે પ્લૅટફૉર્મ પર બે પ્રવાસીઓનો સંવાદ ... 347
(28) ફોન પર ત્વરિત સંદેશો આપવા સંબંધી સંવાદ ... 348
(29) બે મિત્રો વચ્ચે ક્રિકેટ મૅચ વિશે સંવાદ ... 349
(30) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા બે મિત્રોનો સંવાદ ... 351
(31) પોલીસ સ્ટેશનમાં સંવાદ ... 352
(32) વિમાનઘર પર અજય અને તેના કાકા વચ્ચે સંવાદ ... 353
(33) એક અપેક્ષિત વિમાન અંગે વિમાનઘરના અધિકારી સાથે સંવાદ ... 355
(34) વિમાનઘર પર જકાત અધિકારી સાથે સંવાદ ... 356
(35) પ્રાણીસંગ્રહાલયમાં ફરતાં ફરતાં સંવાદ ... 358

## PART VI : General Knowledge (સામાન્ય જ્ઞાન)

64. General Knowledge
(1) Opposites (ઑપોઝિટ્સ) – વિરુદ્ધાર્થી શબ્દો ... 361
(2) Words in pairs – જોડ-શબ્દો ... 372
(3) One word for many – શબ્દસમૂહ માટે એક જ શબ્દ ... 375
(4) Idiomatic comparisons (ઇડિઅમૅટિક કમ્પૅરિઝન્સ) – સરખામણી માટેના વાક્યપ્રયોગો ... 380
(5) Idioms – I (ઇડિઅમ્સ) – રૂઢિપ્રયોગો – I ... 383
(6) Idioms – II (ઇડિઅમ્સ) – રૂઢિપ્રયોગો – II ... 387
(7) Some Important Proverbs – કેટલીક મહત્ત્વની કહેવતો ... 396
(8) Letter-writing – પત્રલેખન ... 399
(9) Parts of the body and connected words – શરીરના અવયવો અને સંબંધિત શબ્દો ... 407
(10) Diseases (ડિઝીઝિઝ) – રોગો ... 408
(11) Birds, Animals and Insects – પક્ષીઓ, પ્રાણીઓ અને જંતુઓ ... 410
(12) Vegetables, Fruits and Flowers – શાકભાજી અને ફળફૂલ ... 412
(13) Grains and Spices – અનાજ અને મસાલા ... 413
(14) Countries and Countrymen – દેશો અને દેશવાસીઓ ... 414
(15) Abbreviations (ઍબ્રીવિએશન્સ્) – સંક્ષિપ્ત રૂપો ... 417

## ANSWERS

**'હવે મેળવેલું જ્ઞાન ચકાસો' અને 'સિંહાવલોકન'માંના પ્રશ્નોના ઉત્તરો ... 422**

Visit: www.BookGanga.com View Book Details

## PART I

# 1 અંગ્રેજી શીખવાની શરૂઆત કરતાં પહેલાં

આપણા રોજિંદા જીવનમાં આપણે અનેક અંગ્રેજી શબ્દો અને નાનાં નાનાં વાક્યો સાંભળીએ છીએ. તેમાંના કેટલાક શબ્દો આપણે અનેક પ્રસંગે વાપરીએ પણ છીએ. ઉદા., જેઓ અંગ્રેજીનો કક્કો સુદ્ધાં શીખ્યા નથી તેવા લોકો આજકાલ આભાર માનતી વખતે સ્વાભાવિક રીતે જ **'Thank you'** (થેંક યૂ) કહે છે. આ પ્રકારના કેટલાક શબ્દપ્રયોગો, વાક્યો, ઉદ્‌ગાર, પ્રશ્ન વગેરે નીચે આપ્યાં છે. તેમના ઉચ્ચારો અને ગુજરાતી અર્થ પણ આપ્યા છે. અંગ્રેજી શીખવાની શરૂઆત કરતાં પહેલાં કેટલાક અંગ્રેજી શબ્દોનો પરિચય કરી, તેમના ઉચ્ચારો શીખી, તેમનો ઉપયોગ કરતાં આવડે એવા એક માત્ર હેતુથી પ્રારંભમાં આ વિગતો આપી છે. એ વિગતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી તેમને પાકી કરો.

---

**કોઈને મળીએ ત્યારે :**

| | | | |
|---|---|---|---|
| (1) Hullo! | (હલો!) | – નમસ્તે! | આવકાર માટેનાં સંબોધનો |
| (2) Hallo! | (હૅલો!) | – નમસ્તે! | |
| (3) Hello! | (હેલો!) | – નમસ્તે! | |
| (4) Hi! | (હાઈ!) | – નમસ્તે! | |
| (5) Good morning. | (ગુડ મૉર્નિંગ.) | – સુપ્રભાત (નમસ્કાર, નમસ્તે). | અલગ અલગ સમય મુજબ શિષ્ટાચારના ઉદ્‌ગારો |
| (6) Good afternoon. | (ગુડ આફ્ટરનૂન.) | – નમસ્કાર, નમસ્તે. (બપોર પછી) | |
| (7) Good evening. | (ગુડ ઈવનિંગ.) | – નમસ્કાર, નમસ્તે. (સાંજે અને રાતે) | |
| (8) How are you? | (હાઉ આર યૂ?) | – કેમ છો? | |
| (9) Fine, thank you. | (ફાઈન, થેંક યૂ.) | – મઝામાં, આભાર. | |
| (10) How do you do? | (હાઉ ડુ યૂ ડૂ?) | – કેમ છો? | |
| (11) (જવાબમાં પણ) How do you do? | (હાઉ ડુ યૂ ડૂ?) | – તમે કેમ છો? | |

---

**કોઈ આપણા ઘરે આવે ત્યારે :**

| | | |
|---|---|---|
| (1) Welcome! | (વેલકમ!) | – સ્વાગતમ્! |
| (2) Hallo! | (હેલો!) | – નમસ્તે! |
| (3) Please come in. | (પ્લીઝ કમ ઈન.) | – અંદર પધારો. |
| (4) Have a seat. | (હેવ અ સીટ.) | – બેસો. |
| (5) Let's have some tea. | (લેટ્સ હેવ સમ ટી.) | – આપણે થોડી ચા પીએ. |
| (6) What would you like to have? Hot or cold? | (વૉટ વુડ યૂ લાઇક ટુ હૅવ? હૉટ ઑર કોલ્ડ?) | – તમને શું લેવાનું ફાવશે? ગરમ કે ઠંડું? |
| (7) Thank you very much. | (થૅન્ક યૂ વેરિ મચ.) | – તમારો ખૂબ ખૂબ આભાર. |

---

**વિદાય આપતી વેળાએ વપરાતા શિષ્ટાચારના ઉદ્‌ગારો :**

| | | |
|---|---|---|
| (1) Ta-ta! | (ટા-ટા!) | – અચ્છા! |
| (2) Bye! | (બાય!) | – આવજો! |
| (3) Bye-bye! | (બાય-બાય!) | – આવજો! |



| | | |
|---|---|---|
| (4) So long! | (સો લૉંગ!) | – અચ્છા જાઉં છું નમસ્કાર! |

Visit: www.BookGanga.com View Book Details

| | | |
|---|---|---|
| | (સી યૂ અગેન!) | – ફરીથી મળીશું! |
| | (સી યૂ!) | – મળીશું! |
| (7) Have a nice time! | (હેવ અ નાઇસ ટાઇમ!) | – મઝા કરો! |
| (8) Good night! | (ગુડ નાઇટ!) | – નમસ્કાર, અચ્છા! (રાતે મળતી વખતે નહિ પણ રાતે છૂટા પડતી વખતે આ કહેવાય છે.) |

**અભિનંદન અથવા શાબાશીના શબ્દો :**

| | | |
|---|---|---|
| (1) Congrats! | (કૉન્ગ્રેટ્સ!) | – અભિનંદન! |
| (2) Congratulations! | (કૉન્ગ્રેચ્યુલેશન્સ!) | – અભિનંદન! |
| (3) Hearty congratulations! | (હાર્ટિ કૉન્ગ્રેચ્યુલેશન્સ!) | – હાર્દિક અભિનંદન! |
| (4) Bravo! | (બ્રેવો!) | – શાબાસ! |
| (5) Excellent! | (ઍક્સલેન્ટ!) | – સુંદર! |
| (6) How beautiful! | (હાઉ બ્યૂટિફુલ!) | – કેટલું સુંદર! |
| (7) How sweet! | (હાઉ સ્વીટ!) | – કેટલું મીઠું! |
| (8) Wonderful! | (વંડરફુલ!) | – અદ્ભુત! આશ્ચર્યજનક! |
| (9) Marvellous! | (માર્વલસ!) | – અદ્ભુત! ભવ્ય! |
| (10) Well done! | (વેલ ડન!) | – સરસ કર્યું! |
| (11) Great! | (ગ્રેટ!) | – ભવ્ય! |

**શુભેચ્છા આપવી હોય ત્યારે :**

| | | |
|---|---|---|
| (1) Happy birthday to you! | (હૅપિ બર્થડે ટુ યૂ!) | – જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા! |
| (2) Many happy returns of the day! | (મૅનિ હૅપિ રિટર્ન્સ ઑફ ધ ડે!) | – દીર્ઘાયુષી થાઓ! |
| (3) All the best! | (ઑલ ધ બેસ્ટ!) | – અંતરની શુભેચ્છા! |
| (4) Best of luck! | (બેસ્ટ ઑફ લક!) | – હાર્દિક શુભેચ્છા! |
| (5) Wish you a happy and prosperous new year! | (વિશ યૂ અ હૅપિ ઍન્ડ પ્રૉસ્પરસ ન્યૂ યર!) | – તમને નવું વર્ષ સુખદાયી અને સમૃદ્ધ બની રહો! |
| (6) May God bless you! | (મે ગૉડ બ્લેસ યૂ!) | – ભગવાન તમારું ભલું કરો! |

**આભાર માનતી વેળાએ :**

| | | |
|---|---|---|
| (1) Thank you! | (થૅંક યૂ!) | – આભાર! |
| (2) Thanks! | (થૅંક્સ!) | – આભાર! ધન્યવાદ! |
| (3) Thanks a lot! | (થૅંક્સ અ લૉટ!) | – ખૂબ ખૂબ આભાર! |
| (4) How kind of you! | (હાઉ કાઇન્ડ ઑફ યૂ!) | – આપની કેટલી મહેરબાની! |

**આભાર સ્વીકારતી વેળાએ :**

| | | |
|---|---|---|
| (1) No mention, please. | (નો મેન્શન, પ્લીઝ.) | – એમાં શું! |
| (2) That's all right. | (ધૅટ્સ ઑલ રાઇટ.) | – કંઈ નહિ! |
| (3) You are welcome! | (યૂ આર વેલકમ!) | – તમારું સ્વાગત છે! |

(નોંધ : આભારની સ્વીકૃતિ કરનાર વ્યક્તિ આ ત્રણેમાંનો કોઈ પણ પ્રયોગ કરી 'આભાર માનવાની કોઈ જ જરૂર નથી' એવો વિવેક દર્શાવે છે.)

Visit: www.BookGanga.com View Book Details

**ખેદ વ્યક્ત કરવાના શબ્દો :**

| | | |
|---|---|---|
| | (સૉરિ!) | – દિલગ |
| | (વેરી સૉરિ!) | – ખૂબ |
| (3) So sorry! | (સો સૉરિ!) | – ખૂબ દિલગીર છું! |

---

**વિનંતી કરતી વેળાએ :**

| | | |
|---|---|---|
| (1) Please lend me your book. | (પ્લીઝ લેન્ડ મી યૉર બુક.) | – કૃપા કરીને તમારું પુસ્તક (થોડી વાર માટે) મને આપો. |
| (2) Kindly do this much for me. | (કાઇન્ડલિ ડૂ ધિસ મચ ફૉર મી.) | – કૃપા કરીને મારે માટે આટલું કરો. |

---

**ઉપદેશ, માર્ગદર્શન કે સૂચના આપતી વેળાએ :**

| | | |
|---|---|---|
| (1) Love your parents. | (લવ યૉર પેરન્ટ્સ.) | – તમારાં માતાપિતાને પ્રેમ કરો. |
| (2) Obey them. | (ઓબે ધેમ.) | – તેમની આજ્ઞા પાળો. |
| (3) Respect your elders. | (રિસ્પેક્ટ યૉર એલ્ડર્સ.) | – તમારાં વડીલોને માન આપો. |
| (4) Speak politely. | (સ્પીક પોલાઇટલિ.) | – નમ્રતાપૂર્વક બોલો. |
| (5) Speak clearly. | (સ્પીક ક્લિયર્લિ.) | – સ્પષ્ટ બોલો. |
| (6) Have faith in God. | (હૅવ ફેઇથ ઇન ગૉડ.) | – ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. |
| (7) Speak the truth. | (સ્પીક ધ ટ્રુથ.) | – સાચું બોલો. |
| (8) Never tell a lie. | (નેવર ટેલ અ લાય.) | – કદી ખોટું બોલશો નહિ. |
| (9) Don't worry. | (ડોન્ટ વરિ.) | – ચિંતા કરો નહિ. |
| (10) Don't fear. | (ડોન્ટ ફિઅર.) | – ડરશો નહિ. |
| (11) Don't play on the road. | (ડોન્ટ પ્લે ઑન ધ રોડ.) | – રસ્તા પર રમો નહિ. |
| (12) Don't board a moving bus. | (ડોન્ટ બોર્ડ અ મૂવિંગ બસ.) | – ચાલતી બસે ચડો નહિ. |
| (13) Stand in a queue. | (સ્ટૅન્ડ ઇન અ ક્યૂ.) | – લાઇનમાં ઊભા રહો. |
| (14) Don't jump the queue. | (ડોન્ટ જમ્પ ધ ક્યૂ.) | – લાઇન તોડો નહિ. |

---

**કેટલીક સામાન્ય પ્રશ્નોત્તરી શીખો :**

| | | |
|---|---|---|
| (1) Excuse me. What's your name, please? | (એક્સક્યૂઝ મી. વૉટ્સ યૉર નેઇમ, પ્લીઝ?) | – માફ કરો, તમારું નામ શું? |
| – My name is Mohan. | (માય નેઇમ ઇઝ મોહન.) | – મારું નામ મોહન. |
| – I am Mohan. | (આઇ ઍમ મોહન.) | – હું મોહન. |
| (2) What's your father's name? | (વૉટ્સ યૉર ફાધર્સ નેઇમ?) | – તમારા પિતાનું નામ શું? |
| – His name is Rajan. | (હિઝ નેઇમ ઇઝ રાજન.) | – તેમનું નામ રાજન. |
| (3) What's your surname? | (વૉટ્સ યૉર સરનેઇમ?) | – તમારી અટક શું છે? |
| – My surname is Shah. | (માય સરનેઇમ ઇઝ શાહ.) | – મારી અટક શાહ છે. |
| (4) How old are you? | (હાઉ ઓલ્ડ આર યૂ?) | – તમારી ઉંમર કેટલી છે? |
| – I am twenty years old. | (આય ઍમ ટ્વેન્ટિ યર્સ ઓલ્ડ) | – હું વીસ વર્ષનો છું. |
| – I am twenty. | (આય ઍમ ટ્વેન્ટિ.) | |
| (5) How tall are you? | (હાઉ ટૉલ આર યૂ?) | – તારી/તમારી ઊંચાઈ કેટલી છે? |
| – I am 150 cms. tall. | (આય ઍમ 150 સેન્ટિમીટર્સ ટૉલ.) | – મારી ઊંચાઈ 150 સેન્ટિમીટર છે. |

Visit: www.BookGanga.com View Book Details

| | | |
|---|---|---|
| | (વેર ડુ યૂ લિવ?) | – તમે ક્યાં રહ |
| – In Mumbai. | (ઇન મુંબઈ.) | – મુંબઈમાં. |
| 7. What is your father? | (વૉટ ઇઝ યૉર ફાધર?) | – તમારા પિતાનો શો વ્યવસાય છે? |
| – He is an engineer. | (હી ઇઝ એન એન્જિનિયર.) | – તેઓ ઇજનેર છે. |
| (8) What's the time, please? | (વૉટ્'સ ધ ટાઇમ, પ્લીઝ?) | – કેટલા વાગ્યા છે? (અહીં please શબ્દ |
| – It's ten o'clock. | (ઇટ્સ ટેન અક્લોક.) | – દસ વાગ્યા છે. વિવેકદર્શક છે.) |
| (9) Where are you putting up? | (વેર આર યૂ પુટિંગ અપ?) | – તમે ક્યાં ઊતર્યા છો? |
| – At the Taj. | (એટ ધ તાજ.) | – તાજ(હૉટેલ)માં. |
| (10) How much is that cabbage? | (હાઉ મચ ઇઝ ધેટ કેબેજ?) | – પેલી કોબીનો શો ભાવ છે? |
| – It's ten rupees a kilo. | (ઇટ્સ ટેન રૂપીઝ અ કિલો.) | – દસ રૂપિયે કિલો. |

**ટેલિફોન પર પૂછપરછ કરતી વેળાએ :**

| | | |
|---|---|---|
| – Hallo! Who is speaking please? | (હલો! હૂ ઇઝ સ્પીકિંગ પ્લીઝ?) | – નમસ્કાર! કોણ બોલો છો? |
| – Hallo, I am Nishendu speaking. | (હેલો, આય ઍમ નિશેન્દુ સ્પીકિંગ.) | – નમસ્કાર, હું નિશેન્દુ બોલું છું. |
| – Can I talk to Mr. Rahul? | (કેન આઈ ટૉક ટુ મિસ્ટર રાહુલ?) | – હું શ્રી રાહુલ સાથે વાત કરી શકું કે? |

**અઠવાડિયાના વાર (Days of the week) :**

| | | |
|---|---|---|
| (1) Sunday | (સન્ડે) | – રવિવાર |
| (2) Monday | (મન્ડે) | – સોમવાર |
| (3) Tuesday | (ટ્યૂઝડે) | – મંગળવાર |
| (4) Wednesday | (વેન્ઝડે) | – બુધવાર |
| (5) Thursday | (થર્સડે) | – ગુરુવાર |
| (6) Friday | (ફ્રાઇડે) | – શુક્રવાર |
| (7) Saturday | (સૅટર્ડે) | – શનિવાર |

**વર્ષના મહિના (Months of the year) :**

| | | |
|---|---|---|
| (1) January | (જાન્યુઆરિ) | – જાન્યુઆરી |
| (2) February | (ફેબ્રુઆરિ) | – ફેબ્રુઆરી |
| (3) March | (માર્ચ) | – માર્ચ |
| (4) April | (એપ્રિલ) | – એપ્રિલ |
| (5) May | (મે) | – મે |
| (6) June | (જૂન) | – જૂન |
| (7) July | (જુલાઈ) | – જુલાઈ |
| (8) August | (ઑગસ્ટ) | – ઑગસ્ટ |
| (9) September | (સપ્ટેમ્બર) | – સપ્ટેમ્બર |
| (10) October | (ઑક્ટોબર) | – ઑક્ટોબર |
| (11) November | (નવેમ્બર) | – નવેમ્બર |
| (12) December | (ડિસેમ્બર) | – ડિસેમ્બર |

BookGanga.com

Visit: www.BookGanga.com –સીઝન્સ) : View Book Details

| | | |
|---|---|---|
| (1) Summer | (સમર) | – ઉનાળો |
| (2) Monsoon–Rainy season | (મૉન્સૂન–રેઈની સીઝન) | – ચોમાસું |
| (3) Winter | (વિન્ટર) | – શિયાળો |

**વીસ સુધીની સંખ્યાઓ :**

| | | | | |
|---|---|---|---|---|
| એક | One | (વન) | 1 | I |
| બે | Two | (ટૂ) | 2 | II |
| ત્રણ | Three | (થ્રી) | 3 | III |
| ચાર | Four | (ફોર) | 4 | IV |
| પાંચ | Five | (ફાઇવ) | 5 | V |
| છ | Six | (સિક્સ) | 6 | VI |
| સાત | Seven | (સેવન) | 7 | VII |
| આઠ | Eight | (એઇટ) | 8 | VIII |
| નવ | Nine | (નાઇન) | 9 | IX |
| દસ | Ten | (ટેન) | 10 | X |
| અગિયાર | Eleven | (ઇલેવન) | 11 | XI |
| બાર | Twelve | (ટ્વેલ્વ) | 12 | XII |
| તેર | Thirteen | (થર્ટીન) | 13 | XIII |
| ચૌદ | Fourteen | (ફોર્ટીન) | 14 | XIV |
| પંદર | Fifteen | (ફિફ્ટીન) | 15 | XV |
| સોળ | Sixteen | (સિક્સ્ટીન) | 16 | XVI |
| સત્તર | Seventeen | (સેવન્ટીન) | 17 | XVII |
| અઢાર | Eighteen | (એઇટીન) | 18 | XVIII |
| ઓગણીસ | Nineteen | (નાઇન્ટીન) | 19 | XIX |
| વીસ | Twenty | (ટ્વેન્ટી) | 20 | XX |

**વીસ સુધીની ક્રમવાચક સંખ્યાઓ :**

| | | |
|---|---|---|
| પહેલું | First | (ફર્સ્ટ) |
| બીજું | Second | (સેકંડ) |
| ત્રીજું | Third | (થર્ડ) |
| ચોથું | Fourth | (ફોર્થ) |
| પાંચમું | Fifth | (ફિફ્થ) |
| છઠ્ઠું | Sixth | (સિક્સ્થ) |
| સાતમું | Seventh | (સેવન્થ) |
| આઠમું | Eighth | (એઇટ્થ) |
| નવમું | Ninth | (નાઇન્થ) |
| દસમું | Tenth | (ટેન્થ) |
| અગિયારમું | Eleventh | (ઇલેવન્થ) |
| બારમું | Twelfth | (ટ્વેલ્થ) |
| તેરમું | Thirteenth | (થર્ટીન્થ) |
| ચૌદમું | Fourteenth | (ફોર્ટીન્થ) |
| પંદરમું | Fifteenth | (ફિફ્ટીન્થ) |
| સોળમું | Sixteenth | (સિક્સ્ટીન્થ) |
| સત્તરમું | Seventeenth | (સેવન્ટીન્થ) |
| અઢારમું | Eighteenth | (એઇટીન્થ) |
| ઓગણીસમું | Nineteenth | (નાઇન્ટીન્થ) |
| વીસમું | Twentieth | (ટ્વેન્ટીએથ) |

**રોજિંદી વાતચીતમાં વપરાતા કેટલાક અંગ્રેજી શબ્દો :**

| | |
|---|---|
| **table** | – ટેબલ |
| **drawer** | – ડ્રૉઅર (ખાનું) |
| **pen** | – પેન |
| **pencil** | – પેન્સિલ |
| **paper** | – પેપર |
| **book** | – બુક |
| **bench** | – બેન્ચ |
| **headmaster** | – હેડમાસ્તર |
| **station** | – સ્ટેશન |
| **hotel** | – હૉટેલ |
| **glass** | – ગ્લાસ |
| **radio** | – રેડિઓ |
| **platform** | – પ્લૅટફૉર્મ |
| **ticket** | – ટિકિટ |
| **train** | – ટ્રેઇન |
| **guard** | – ગાર્ડ |
| **bus** | – બસ |
| **taxi** | – ટેક્સી |
| **driver** | – ડ્રાઇવર |
| **truck** | – ટ્રક |
| **lorry** | – લૉરી |
| **council** | – કાઉન્સિલ |
| **building** | – બિલ્ડિંગ |
| **cement** | – સિમેંટ |
| **jeep** | – જીપ |
| **conductor** | – કન્ડક્ટર |
| **motor** | – મોટર |
| **cycle** | – સાઇકલ |
| **stand** | – સ્ટૅન્ડ |
| **cup** | – કપ |
| **kettle** | – કેટલ, કિટલી |
| **coffee** | – કૉફી |
| **bottle** | – બૉટલ, બાટલી |
| **run** | – રન (ક્રિકેટમાં) |
| **goal** | – ગોલ |
| **out** | – આઉટ |

Visit: www.BookGanga.com View Book Details

# 2 અંગ્રેજી મૂળાક્ષરો

પહેલાં આપણે અંગ્રેજી અક્ષરોનો પરિચય કરી લઈએ. અંગ્રેજીમાં 26 મૂળાક્ષરો છે. તેમને Alphabet (ઍલ્ફબેટ) કહે છે. દરેક અક્ષર Capital (કૅપિટલ) એટલે મોટો અને Small (સ્મૉલ) એટલે નાનો એમ બે રીતે લખવામાં આવે છે :

| | | | | | |
|---|---|---|---|---|---|
| એ A a | બી B b | સી C c | ડી D d | ઈ E e | એફ F f |
| જી G g | એચ H h | આઈ I i | જે J j | કે K k | એલ L l |
| એમ M m | એન N n | ઓ O o | પી P p | ક્યૂ Q q | આર R r |
| એસ S s | ટી T t | યૂ U u | વી V v | ડબ્લ્યૂ W w | એક્સ X x |
| વાય Y y | ઝેડ Z z | | | | |

BookGanga.com

આ મૂળાક્ષરો લખવાનો ખૂબ મહાવરો કરવો જોઈએ અને સુંદર મરોડદાર હસ્તાક્ષર કેળવાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. આ માટે શરૂઆતમાં થોડા દિવસ ઉપર દર્શાવ્યા પ્રમાણે ચાર લીટીઓ વચ્ચે અક્ષરો લખવાની પ્રૅક્ટિસ કરવી જરૂરી છે.

**ઉપરના 26 અક્ષરોમાંથી a, e, i, o અને u એ પાંચ સ્વર છે. સ્વરોને vowels (વૉવેલ્સ) કહે છે. બાકીના 21 અક્ષરો વ્યંજનો છે. વ્યંજનોને consonants (કૉન્સનન્ટ્સ) કહે છે.**

**Capital Letters (કૅપિટલ લેટર્સ) – મોટા અક્ષરો ક્યારે વપરાય?**

(1) વાક્યની શરૂઆતનો પહેલો અક્ષર હંમેશાં Capital લખાય.
ઉદા., This is a dog. (ધિસ ઇઝ અ ડૉગ.)—આ કૂતરો છે.

(2) વિશેષનામનો પહેલો અક્ષર હંમેશાં Capital લખાય.
ઉદા., **K**edar (કેદાર), **P**une (પુણે), **A**pril (એપ્રિલ), **J**apan (જાપાન).

(3) 'હું'ના અર્થમાં 'I' (આઈ) અક્ષર વાક્યમાં ગમે ત્યાં આવે તો પણ તે હંમેશાં Capital લખાય.

(4) કવિતામાં નવી લીટીનો પહેલો અક્ષર હંમેશાં Capital લખાય.

Visit: www.BookGanga.com View Book Details

.જી વ્યંજનો :

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્–k | ખ્–kh | ગ્–g | ઘ્–gh | ચ્–ch | છ્–chh | જ્–j | ઝ્–jh/z | ટ્–t |
| ઠ્–th | ડ્–d | ઢ્–dh | ણ્–n | ત્–t | થ્–th | દ્–d | ધ્–dh | ન્–n |
| પ્–p | ફ્–f/ph | બ્–b | ભ્–bh | મ્–m | ય્–y | ર્–r | લ્–l | વ્–v/w |
| શ્–sh | ષ્–sh | સ્–s | હ્–h | ળ્–l | ક્ષ્–x/ksh | જ્ઞ્–gn | | |

**નોંધ :** ગુજરાતી વ્યંજન પ્રમાણે જ અંગ્રેજીના વ્યંજનમાં પણ સ્વર ઉમેરવાથી જ તે વ્યંજનનો પૂર્ણ ઉચ્ચાર થાય છે. ઉદા., ધ્ + અ = ધ, dh + a = dha (ધ).

## ગુજરાતી બારાક્ષરી અંગ્રેજીમાં

અંગ્રેજી મૂળાક્ષરો કેવી રીતે લખાય છે એ શીખી લીધા પછી ગુજરાતી બારાક્ષરી અંગ્રેજીમાં કઈ રીતે લખાય છે તે શીખવું જરૂરી છે. તેથી નીચે આપેલી બારાક્ષરીનો અભ્યાસ કરો.

**સ્વરોની અંગ્રેજી બારાક્ષરી (બારાખડી) :**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | એ | ઐ | ઓ | ઔ | અં | અં |
| a | a | i | ee | u | oo | e | ai | o | au | am | an |

**નોંધ :** અનુસ્વારનો ઉચ્ચાર અમ્ અને અન્ એમ બે રીતે થાય છે. તેથી am (અમ્) અને an (અન્) એવા બે અક્ષરો આપ્યા છે. નીચે વ્યંજનોની બારાક્ષરીમાં પણ આ જ પદ્ધતિ અપનાવી છે.

BookGanga.com

**ગુજરાતી બારાક્ષરીનું સામાન્ય રીતે નીચે પ્રમાણે અંગ્રેજીકરણ થાય છે :**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક<br>ka | કા<br>ka | કિ<br>ki | કી<br>kee | કુ<br>ku | કૂ<br>koo | કે<br>ke | કૈ<br>kai | કો<br>ko | કૌ<br>kau | કં<br>kam | કં<br>kan |
| ખ<br>kha | ખા<br>kha | ખિ<br>khi | ખી<br>khee | ખુ<br>khu | ખૂ<br>khoo | ખે<br>khe | ખૈ<br>khai | ખો<br>kho | ખૌ<br>khau | ખં<br>kham | ખં<br>khan |
| ગ<br>ga | ગા<br>ga | ગિ<br>gi | ગી<br>gee | ગુ<br>gu | ગૂ<br>goo | ગે<br>ge | ગૈ<br>gai | ગો<br>go | ગૌ<br>gau | ગં<br>gam | ગં<br>gan |
| ઘ<br>gha | ઘા<br>gha | ઘિ<br>ghi | ઘી<br>ghee | ઘુ<br>ghu | ઘૂ<br>ghoo | ઘે<br>ghe | ઘૈ<br>ghai | ઘો<br>gho | ઘૌ<br>ghau | ઘં<br>gham | ઘં<br>ghan |
| ચ<br>cha | ચા<br>cha | ચિ<br>chi | ચી<br>chee | ચુ<br>chu | ચૂ<br>choo | ચે<br>che | ચૈ<br>chai | ચો<br>cho | ચૌ<br>chau | ચં<br>cham | ચં<br>chan |
| છ<br>chha | છા<br>chha | છિ<br>chhi | છી<br>chhee | છુ<br>chhu | છૂ<br>chhoo | છે<br>chhe | છૈ<br>chhai | છો<br>chho | છૌ<br>chhau | છં<br>chham | છં<br>chhan |

Visit: www.BookGanga.com View Book Details

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ja | ja | ji | jee | જુ<br>ju | જૂ<br>joo | જે<br>je | જૈ<br>jai | જો<br>jo | જૌ<br>jau | jam | jan |
| ઝ<br>jha<br>za | ઝા<br>jha<br>za | ઝિ<br>jhi<br>zi | ઝી<br>jhee<br>zee | ઝુ<br>jhu<br>zu | ઝૂ<br>jhoo<br>zoo | ઝે<br>jhe<br>ze | ઝૈ<br>jhai<br>zai | ઝો<br>jho<br>zo | ઝૌ<br>jhau<br>zau | ઝં<br>jham<br>zam | ઝં<br>jhan<br>zan |
| ટ<br>ta | ટા<br>ta | ટિ<br>ti | ટી<br>tee | ટુ<br>tu | ટૂ<br>too | ટે<br>te | ટૈ<br>tai | ટો<br>to | ટૌ<br>tau | ટં<br>tam | ટં<br>tan |
| ઠ<br>tha | ઠા<br>tha | ઠિ<br>thi | ઠી<br>thee | ઠુ<br>thu | ઠૂ<br>thoo | ઠે<br>the | ઠૈ<br>thai | ઠો<br>tho | ઠૌ<br>thau | ઠં<br>tham | ઠં<br>than |
| ડ<br>da | ડા<br>da | ડિ<br>di | ડી<br>dee | ડુ<br>do | ડૂ<br>doo | ડે<br>de | ડૈ<br>dai | ડો<br>do | ડૌ<br>dau | ડં<br>dam | ડં<br>dan |
| ઢ<br>dha | ઢા<br>dha | ઢિ<br>dhi | ઢી<br>dhee | ઢુ<br>dhu | ઢૂ<br>dhoo | ઢે<br>dhe | ઢૈ<br>dhai | ઢો<br>dho | ઢૌ<br>dhau | ઢં<br>dham | ઢં<br>dhan |
| ણ<br>na | ણા<br>na | ણિ<br>ni | ણી<br>nee | ણુ<br>nu | ણૂ<br>noo | ણે<br>ne | ણૈ<br>nai | ણો<br>no | ણૌ<br>nau | ણં<br>nam | ણં<br>nan |
| ત<br>ta | તા<br>ta | તિ<br>ti | તી<br>tee | તુ<br>tu | તૂ<br>too | તે<br>te | તૈ<br>tai | તો<br>to | તૌ<br>tau | તં<br>tam | તં<br>tan |
| થ<br>tha | થા<br>tha | થિ<br>thi | થી<br>thee | થુ<br>thu | થૂ<br>thoo | થે<br>the | થૈ<br>thai | થો<br>tho | થૌ<br>thau | થં<br>tham | થં<br>than |
| દ<br>da | દા<br>da | દિ<br>di | દી<br>dee | દુ<br>du | દૂ<br>doo | દે<br>de | દૈ<br>dai | દો<br>do | દૌ<br>dau | દં<br>dam | દં<br>dan |
| ધ<br>dha | ધા<br>dha | ધિ<br>dhi | ધી<br>dhee | ધુ<br>dhu | ધૂ<br>dhoo | ધે<br>dhe | ધૈ<br>dhai | ધો<br>dho | ધૌ<br>dhau | ધં<br>dham | ધં<br>dhan |
| ન<br>na | ના<br>na | નિ<br>ni | ની<br>nee | નુ<br>nu | નૂ<br>noo | ને<br>ne | નૈ<br>nai | નો<br>no | નૌ<br>nau | નં<br>nam | નં<br>nan |
| પ<br>pa | પા<br>pa | પિ<br>pi | પી<br>pee | પુ<br>pu | પૂ<br>poo | પે<br>pe | પૈ<br>pai | પો<br>po | પૌ<br>pau | પં<br>pam | પં<br>pan |
| ફ<br>fa<br>pha | ફા<br>fa<br>pha | ફિ<br>fi<br>phi | ફી<br>fee<br>phee | ફુ<br>fu<br>phu | ફૂ<br>foo<br>phoo | ફે<br>fe<br>phe | ફૈ<br>fai<br>phai | ફો<br>fo<br>pho | ફૌ<br>fau<br>phau | ફં<br>fam<br>pham | ફં<br>fan<br>phan |
| બ<br>ba | બા<br>ba | બિ<br>bi | બી<br>bee | બુ<br>bu | બૂ<br>boo | બે<br>be | બૈ<br>bai | બો<br>bo | બૌ<br>bau | બં<br>bam | બં<br>ban |
| ભ<br>bha | ભા<br>bha | ભિ<br>bhi | ભી<br>bhee | ભુ<br>bhu | ભૂ<br>bhoo | ભે<br>bhe | ભૈ<br>bhai | ભો<br>bho | ભૌ<br>bhau | ભં<br>bham | ભં<br>bhan |

BookGanga.com

Visit: www.BookGanga.com View Book Details

# ૭ અંગ્રેજી સ્વર અને વ્યંજનના ઉચ્ચાર

ગુજરાતીમાં 'અ' સ્વરનો ઉચ્ચાર 'અ' જ થાય છે. પરંતુ અંગ્રેજીમાં **'a' સ્વરના અનેક ઉચ્ચારો થાય છે. એવી જ રીતે કોઈ** એક સ્વર બે વાર સાથે આવે અથવા બે જુદા સ્વરો એકસાથે આવે ત્યારે ઉચ્ચારમાં ભિન્નતા સર્જાય છે. ઉદા., 'o' સ્વરનો 'ઓ' થાય છે, પણ બે **'oo'** એકસાથે આવે તો તેનો ઉચ્ચાર **'હ્રસ્વ ઉ'** કે **'દીર્ઘ ઊ'** થાય છે. **'ou'** બે જુદા સ્વરો એકસાથે આવે તો તેનો ઉચ્ચાર 'આઉ' જેવો થાય છે. આમ અંગ્રેજીના પાંચ સ્વરોના જુદાજુદા ઉપયોગથી શબ્દોના ઉચ્ચારોમાં કેવો ફેરફાર થતો રહે છે તે હવે આપણે જોઈએ.

(**નોંધ :** નીચે ઉદાહરણરૂપે આપેલા શબ્દો રોજ વપરાતા શબ્દો હોવાથી તેમના સ્પેલિંગ, ઉચ્ચાર અને અર્થનો બરાબર અભ્યાસ કરો.)

## (A) અંગ્રેજી મૂળાક્ષરોમાં સ્વરોના ઉચ્ચાર (સ્વર 5 – a, e, i, o, u)

### 1. a સ્વરના જુદાજુદા ઉચ્ચારો

**(1) a** સ્વરના **'ઍ'** જેવા ઉચ્ચારવાળા કેટલાક શબ્દો :

**bat** (બૅટ) – બૅટ. **rat** (રૅટ) – ઉંદર. **man** (મૅન) – માણસ, પુરુષ.
**fan** (ફૅન) – પંખો. **cat** (કૅટ) – બિલાડી. **map** (મૅપ) – નકશો.
**cap** (કૅપ) – ટોપી. **mat** (મૅટ) – ચટાઈ. **gap** (ગૅપ) – છીંડું, ગાબડું.

**(2) a** સ્વરના **'આ'** જેવા ઉચ્ચારવાળા કેટલાક શબ્દો :

**bar** (બાર) – સળિયો. **farm** (ફાર્મ) – વાડી. **cart** (કાર્ટ) – ગાડું.
**jar** (જાર) – બરણી. **car** (કાર) – મોટર. **glass** (ગ્લાસ) – પ્યાલો.

**(3) a** સ્વરના **'ઑ'** જેવા ઉચ્ચારવાળા કેટલાક શબ્દો :

**ball** (બૉલ) – દડો. **all** (ઑલ) – બધા. **tall** (ટૉલ) – ઊંચું.
**hall** (હૉલ) – દિવાનખાનું. **wall** (વૉલ) – ભીંત. **fall** (ફૉલ) – ધોધ.

**(4) a** સ્વરના **'લાંબા એઈ'** જેવા ઉચ્ચારવાળા કેટલાક શબ્દો :

**gate** (ગેઇટ) – ફાટક, દરવાજો. **name** (નેઇમ) – નામ. **cage** (કેઇજ) – પિંજરું.
**face** (ફેઇસ) – ચહેરો. **lake** (લેઇક) – તળાવ. **cake** (કેઇક) – કેઈક.
**mane** (મેઇન) – કેશવાળી. **fate** (ફેઇટ) – નસીબ. **tale** (ટેઇલ) – વાર્તા.

(**નોંધ :** ઉપરના શબ્દોના ઉચ્ચારોમાં 'હ્રસ્વ ઇ'નો ઉચ્ચાર અછડતો જ કરવાનો છે.)

### 2. e સ્વરના જુદાજુદા ઉચ્ચારો

**(1) e** સ્વરના **'હ્રસ્વ એ'** ઉચ્ચારવાળા કેટલાક શબ્દો :

**bed** (બેડ) – પલંગ, પથારી. **red** (રેડ) – લાલ. **pen** (પેન) – પેન.
**hen** (હેન) – મરઘી. **egg** (એગ) – ઈંડું. **leg** (લેગ) – પગ.
**net** (નેટ) – જાળ. **bell** (બેલ) – ઘંટ. **well** (વેલ) – કૂવો.
**ten** (ટેન) – દસ. **pet** (પેટ) – પાળેલું પ્રાણી. **den** (ડેન) – ગુફા.

**(2) e** ના **'દીર્ઘ ઈ'** ઉચ્ચારવાળા કેટલાક શબ્દો :

**he** (હી) – તે. **me** (મી) – મને.
**she** (શી) – તે (નારીજાતિ). **we** (વી) – અમે, આપણે.

Visit: www.BookGanga.com View Book Details

## 3. i સ્વરના જુદાજુદા ઉચ્ચારો

(1) i સ્વરનો 'હ્રસ્વ ઈ' જેવો ઉચ્ચાર :

**hill** (હિલ)–ટેકરી. **mill** (મિલ)–મિલ. **din** (ડિન)–ઘોંઘાટ.
**pin** (પિન)–ટાંકણી. **pig** (પિગ)–ડુક્કર. **six** (સિક્સ)–છ.
**ring** (રિંગ)–વીંટી. **ship** (શિપ)–વહાણ. **lip** (લિપ)–હોઠ.

(2) i સ્વરનો 'આઈ' જેવો ઉચ્ચાર :

**ice** (આઇસ)–બરફ. **kind** (કાઇન્ડ)–દયાળુ. **mile** (માઈલ)–માઈલ.
**kite** (કાઇટ)–પતંગ. **fine** (ફાઇન)–સુંદર. **mind** (માઇન્ડ)–મન.
**wife** (વાઇફ)–પત્ની. **life** (લાઇફ)–જીવન. **wine** (વાઇન)–દારૂ.
**pile** (પાઇલ)–ઢગલો. **line** (લાઇન)–રેખા. **nine** (નાઇન)–નવ.

(3) i સ્વરનો 'આય' જેવો ઉચ્ચાર :

**I** (આય)–હું. **wire** (વાયર)–તાર. **hire** (હાયર)–ભાડે.
**fire** (ફાયર)–આગ. **mire** (માયર)–કાદવ. **sire** (સાયર)–સાહેબ.

## 4. o સ્વરના જુદાજુદા ઉચ્ચારો

(1) o સ્વરનો 'ઓ' જેવો ઉચ્ચાર :

**old** (ઓલ્ડ)–વૃદ્ધ. **slope** (સ્લોપ)–ઢાળ. **rope** (રોપ)–દોરડું.
**cold** (કોલ્ડ)–ઠંડું. **bold** (બોલ્ડ)–બહાદુર. **rose** (રોઝ)–ગુલાબ.
**hope** (હોપ)–આશા. **pole** (પોલ)–થાંભલો. **hole** (હોલ)–કાણું, છિદ્ર.
**no** (નો)–ના. **go** (ગો)–જવું. **so** (સો)–તેથી.

(2) o સ્વરનો 'ઑ' જેવો ઉચ્ચાર :

**ox** (ઑક્સ)–બળદ. **dog** (ડૉગ)–કૂતરો. **god** (ગૉડ)–ઈશ્વર.
**fox** (ફૉક્સ)–શિયાળ. **box** (બૉક્સ)–પેટી. **cock** (કૉક)–કૂકડો.

## 5. u સ્વરના જુદાજુદા ઉચ્ચારો

(1) u સ્વરનો 'અ' જેવો ઉચ્ચાર :

**bus** (બસ)–બસ. **fun** (ફન)–ગમ્મત. **tub** (ટબ)–ટબ.
**duck** (ડક)–બતક. **cup** (કપ)–કપ. **but** (બટ)–પણ.
**hut** (હટ)–ઝૂંપડી. **sun** (સન)–સૂર્ય. **cut** (કટ)–કાપ, જખમ.

(2) u સ્વરનો 'હ્રસ્વ ઉ' જેવો ઉચ્ચાર :

**put** (પુટ)–મૂકવું. **pussy** (પુસિ)–બિલાડી. **bush** (બુશ)–ઝાડી.
**pull** (પુલ)–ખેંચવું. **push** (પુશ)–ધકેલવું. **bull** (બુલ)–ખૂંટ, પાડો.

Visit: www.BookGanga.com

## 6. ai સંયુક્ત સ્વરના જુદાજુદા ઉચ્ચારો

View Book Details

(1) ai સંયુક્ત સ્વરનો 'એઅ' ઉચ્ચાર :

**air** (એઅર)–હવા. **pair** (પેઅર)–જોડી. **fair** (ફેઅર)–મેળો.
**hair** (હેઅર)–વાળ. **chair** (ચેઅર)–ખુરસી. **stair** (સ્ટેઅર)–પગથિયું.

(2) ai સંયુક્ત સ્વરનો 'એઈ' ઉચ્ચાર :

**chain** (ચેઈન)–સાંકળ. **brain** (બ્રેઈન)–મગજ. **train** (ટ્રેઈન)–ગાડી.
**grain** (ગ્રેઈન)–અનાજ. **drain** (ડ્રેઈન)–ગટર. **rain** (રેઈન)–વરસાદ.

## 7. ea સંયુક્ત સ્વરના જુદાજુદા ઉચ્ચારો

(1) ea સંયુક્ત સ્વરનો 'ઈઅ' ઉચ્ચાર :

**ear** (ઇઅર)–કાન. **clear** (ક્લિઅર)–સ્પષ્ટ. **near** (નિઅર)–પાસે.
**dear** (ડિઅર)–પ્રિય. **fear** (ફિઅર)–ભય. **year** (ઇઅર)–વર્ષ.

(2) ea સંયુક્ત સ્વરનો 'દીર્ઘ ઈ' ઉચ્ચાર :

**beam** (બીમ)–કિરણ. **beast** (બીસ્ટ)–પશુ. **peak** (પીક)–શિખર.
**east** (ઈસ્ટ)–પૂર્વ. **leaf** (લીફ)–પાન. **stream** (સ્ટ્રીમ)–પ્રવાહ.
**heat** (હીટ)–ગરમી. **beach** (બીચ) – સમુદ્રકિનારો. **feast** (ફીસ્ટ)–મિજબાની.

BookGanga.com

## 8. ee સંયુક્ત સ્વરનો ઉચ્ચાર

ee સંયુક્ત સ્વરનો 'દીર્ઘ ઈ' ઉચ્ચાર :

**deep** (ડીપ)–ઊંડું. **tree** (ટ્રી)–ઝાડ. **week** (વીક)–અઠવાડિયું.
**green** (ગ્રીન)–લીલું. **heel** (હીલ)–એડી. **bee** (બી) – મધમાખી.
**peep** (પીપ)–ડોકાવું. **peel** (પીલ)–છાલ. **see** (સી) – જોવું.
**sleep** (સ્લીપ)–સૂવું. **three** (થ્રી)–ત્રણ. **free** (ફ્રી) – મુક્ત, મફત.

## 9. oo સંયુક્ત સ્વરના જુદાજુદા ઉચ્ચાર

(1) oo સંયુક્ત સ્વરનો 'હ્રસ્વ ઉ' ઉચ્ચાર :

**book** (બુક)–પુસ્તક. **cook** (કુક)–રસોઈયો. **wood** (વુડ)–જંગલ, લાકડું.
**foot** (ફુટ)–પગ, બાર ઇંચનું માપ. **hook** (હુક)–હૂક, આંકડો. **good** (ગુડ)–સારું, સરસ.

(2) oo સંયુક્ત સ્વરનો 'દીર્ઘ ઊ' ઉચ્ચાર :

**cool** (કૂલ)–ઠંડું. **tooth** (ટૂથ)–દાંત. **roof** (રૂફ)–છાપરું.
**loom** (લૂમ)–સાળ. **fool** (ફૂલ)–મૂર્ખ. **zoo** (ઝૂ)–પ્રાણીસંગ્રહાલય.
**moon** (મૂન)–ચંદ્ર. **spoon** (સ્પૂન)–ચમચો. **tool** (ટૂલ) – ઓજાર.
**room** (રૂમ)–ઓરડો. **school** (સ્કૂલ)–શાળા. **mood** (મૂડ) – મનઃસ્થિતિ.

Visit: www.BookGanga.com

View Book Details

# અંગ્રેજી શીખવા માટેનાં


# શ્રેષ્ઠ પ્રકાશનો


રોજિંદા જીવનમાં અંગ્રેજીનો પ્રભાવ ખૂબ વધી રહ્યો છે. એટલા માટે અંગ્રેજી ભાષાનો પદ્ધતિસરનો અભ્યાસ આજે અત્યંત જરૂરી બન્યો છે. અંગ્રેજી શીખવા ઈચ્છુક બધા અભ્યાસાર્થીઓ માટે નીચે મુજબનાં અંગ્રેજીનાં ખાસ પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે.














દરેક બુકસેલરને ત્યાં મળે છે.

NAVNEET®

Knowledge is wealth

G 0503

Visit: www.BookGanga.com View Book Details

**To read this Book further purchase it on –**

http://www.BookGanga.com

**Thank you for your support to BookGanga mission - "Making Indian Literature Available Globally".**

Visit: www.BookGanga.com View Book Details